શ્રી.

સુવર્ણ પુરની સુંદરી

ભાગ પહેલો

રચી છપાવી પ્રસીદ્ધ કરતા.

શાહ ચીમનલાલ લલ્લુભાઇ બોટાદકર

ઠે. ડભાણુ ભાગોળ—નડિઆદ

પ્રત ૫૦૦૦

તા. ૮-૯-૧૯૨૨ સંવત ૧૯[illegible]

ધી શારદા વિજય પ્રીન્ટીંગ પ્રેસમાં

શાહ હરજીવનદાસ અમરસીએ છાપી.

ઠે. સાંથપીપળી—નડિયાદ

કીંમત રૂ. ૦-૦-૬

જુજ નકલ બાકી છે.

અન્નપુર્ણા અથવા પવિત્ર પ્યાર

આ નવલ કથા, જેનાપુંઠ ૧૬૦ સુંદર ગ્લેઝ કાગળ પાકું પુઠું સોનેરી નામ. આર્ટ પેપર પર સુંદર ચાર ચીત્ર સાથેનું જેની કીમત, ફકત રૂ. ૧ – ૮ – ૦ વી પી ખરચ માફ,

મળવાનું ઠેકાણું
શાહ ચીમનલાલ લલ્લુભાઈ
ઠે. ડભાણ ભાગોળ ટી એન્ડ કોફી ડિપો
નડીઆદ. જીલ્લે ખેડા

તા – ક. હમારે ત્યાં ઉત્તમ ચાહ તથા કાફી કીફાયત ભાવે મલશે.

દોહરો.

કહું છું કથા કલ્પીત આ, સાંભળજો નરનાર;
સમય હતો મધ્યાનનો, વાગ્યા દીનના બાર.

હરીગીત છંદ.

સરીયામ રોડ ઉપર ગલી, હતી એક સુંદર વાંકડી;
ત્યાં હું ગયો કંઇ કારણે, નીરખી છબી એક ફાંકડી. ૧
બેઠી હતી બાળા મનોહર, નીરખતાં નયનો ઠરે;
વય વર્ષ પંદર સોળની, સાક્ષી બધા અંગો પુરે. ૨
છે અનુપમ વસ્ત્ર અંગે, સ્વેત સાડી ખાદીની;
ચણીયો અને ચોળી વળી, દીસે સ્વદેસી માલની ૩
સીર કેશ નાગણ સમ હતા, છે અધર લાલ ગુલાબીરે;
શું ચાંદલો કુમકુમ તણો, જેમ પુર્ણિમાનો ચંદ્રરે ૪
છે રતનો નારંગી સમા, વળી પેટ પોયણ સમ હતું;
કદળી સમી જંગા અરે, નીજ નામને દીપાવતી ૫
છે અનુપમ અંગ સર્વે, નામ સુંદર સુંદરી;
શું શીત રશ્મી સમ વદન, હું વરણવું શું મુખ થકી ૬
બેઠી હતી નેવા નીચે, નીર નયનમાં વરસાવતી;
નીરખી સ્થિતી કરૂણા જનક, શીર કંઇ બોજ ઉઠાવતી ૭
આવી સ્થિતી અવલોકતાં, મુજ હૃદય તો પી...
શું જુલ્મ તેનાપર હશે, તે જાણ...

પુછયું જઇ મેં પાસ તેની, બહેન તું બહાતી નહીં;
છે દુઃખ તુજને શું અતી, વીનક કહે તુજ હૃદયની ૯
વાણી મૃદુ મારી સુણી, કંઇ ધીરજ મન તેણે ધરી;
શું ધર્મ બંધુ થાવો છો, એવું વદનથી ઉચરી ૧૦
મુજ કર્મની કથની સુણો, ઓ ભાઇ ધર્મતણા તમો
કહેતાં હૃદય કંપે અરે, સુણતાં દુઃખી થાશો તમો. ૧૧
નામે નગર સુવર્ણપુર, મોટુ મનોહર એક છે;
વસ્તી અઢારે વર્ણની, બહુ ન્યાયને વિવેક છે; ૧૨
મુજ પિતા ત્યાં વસતા હતા, વળી નામ દુર્ગુણ શાહરે
મુજ માનતો સ્વર્ગે ગઇ, હતી સાવકી માતા ખરે. ૧૩
પાળે પ્રથમ અતિ પ્રેમથી, નિજ મન મહી પુત્રી ગણી;
નહીં સાવકા પણ દાખવે, આશા ધરી મનમાં ઘણી ૧૪
દીન ઉપર દીન વીતીયા, વળી વર્ષ વીતી જાયરે;
બાળા પણાને ત્યાગીને, હું પણ થઇ મોટી ખરે ૧૫
મુજ ઘર તણી સામે હતું. ઘર દાસ જગજીવન તણું;
લક્ષ્મી અને કીરતી ઘણી, ભંડાર અકલનો ગણું ૧૬
શુત્ર તેમને આવ્યો હતો, છે નામ સદ્ગુણ તેહનું;
વિદ્યા તણો ભંડાર તે, વળી રૂપમાં શું વરણવું ૧૭
…ાર વરસ છે તેરની, નિત્યે જતો નિશાળમાં;
" રમતો સદા, મુજ ઘર તણા ચોગાનમાં ૧૮

વસતાં અમો સાથે સદા. લડતાં જગડતાં નહીં કદી;
મેવા મીઠાઇ રોજ લાવી, આપતો નિજ ઘર થકી ૧૯
કહેતો મને ઓ સુંદરી, શાણી સુશીલ છે તું અતિ;
તુજવિણ મને ગમશે નહિ, શું જઈશ ચાલી અહીં થકી ૨૦
આવું વદીને ઉર થકી, નયનો જળે ભીંજાવતો;
શું પ્રેમ નીરમળ તેહનો, મીઠો મધુરો તે હતો ૨૧

વિત્યા દીવસ આવી રીતે, આનંદમાં વળી કેટલા;
સાંભળજો આગળની કથા બેઠા જનો અહીં જેટલા. ૨૨
આવ્યા દીવસ વરસાદના, વળી માસ શ્રાવણનો હતો.
મેળો ભરાયો ભાગળે જોવાને સદગુણ તે જતો ૨૩
હું પણ જતીતી ત્યાં કને, મુજ સાવકીનાં સાથમાં;
આવી મળ્યો રસ્તા મહીં, દેખાય જાણે મહાત્મા. ૨૪
મુખથી વદ્યો ઓ કાકીઆ, મુજાવો મેળામાં સહી:
હું આવું છું તમ સાથમાં, ફરવાજ મેળાની મહીં ૨૫
વાણી મધુરી સાંભળી, માં સાવકી મારી વદી;
સંભાળીને ભાઈ ચાલજે, ભાગળ પરે ગરદી અતી. ૨૬
નીજ કર મહીં મુજ કર ગ્રહી, ચાલે અતી આનંદથી
તે દીવસની યાદી ખરે, મુજ હૃદયથી ખસની

ગીરદી હતી ત્યાં ચોકમાં, વળી લોક સૌ ટોળે મલ્યા
મુજ માતની સચર મળી, બન્ને જણા વાતે વળ્યા. ૨૮
સમય આ એવો હતો, નવ ભાન પણ કીઙનું રહ્યું;
માતા રહી મુજ પાછળે, તે સ્મરણથી વીસરી ગયું. ૨૯
ચાલ્યા અમે બન્ને જણાં, વાતે વળેલા ભાવથી;
છુટા પડયા માતા થકી, બન્ને જણા તે ઠામથી. ૩૦
નીરખી બજારો અવ નવી, વળી વસ્તુઓ વીધવીધ હતી;
માણસ તણી ગરદી બહુ, શું કહુ અરે મુખથી કથી. ૩૧
ટાવર તણી પાસે જતાં, મુજ તાતજી સામાં મળ્યા;
જોઈ અમોને સાથમાં, તે મુખ થકી શું ઉચર્યાં. ૩૨
સદગુણ ને ઓ સુંદરી, સુંજાવોછો ફરવા તમે;
નીજ માત શું સાથે નથી, સાચું કહી દો ને મને. ૩૩
વાણી સુણી મુજ તાતની, મુખથી અરે હું તો વદી;
ભાગળ પરે છુટા પડયા, બન્ને જણા મુજ માતથી. ૩૪
બાણુ બગીચે જાયછે, સદગુણ ફરવા કારણે;
હું પણ જઉછું સાથમાં, આપો રજા મુજને તમે. ૩૫
આ વાત સાંભળતા ખરે, બાપુ બહુ રાજી થયા;
આપી રજા આનંદથી, તે ઘર તણે રસ્તે ગયા. ૩૬
સુંદર સરીતા તાપીને, તીરે બગીચો એક છે;
આનંદ દાયક એ જગા, ફુલ ઝાડનો બહુ થોક છે. ૩૭
…ની મોગરો, ગુલાબ બહુ મહેંકી રહ્યાં;
… ઠંડા પવનની લહેર ત્યાં. ૩૮

બોલે પપૈયા મારે ટૈંઉ, કોયલો ટહુકી રહી;
વિરહી જનોનાં હૃદયને, પ્રેમે અતી અકળાવતી. ૩૯
ખીલી હતી સાંધ્યાતીરે, નારંગી છાંય સંધ્યાતણી;
સદ્ગુણ તણી સાથે અરે, હું પણ બગીચામાં ગઇ. ૪૦
નીરખી નવિન પુષ્પો અરે, મન માહરૂં હરખે અતી;
હું વાત કરતી તેહને, દ્રસ્ટીથકી દેખાડતી, ૪૧
મધ્યમાં બેઠક રૂપાળી, ગોળ સુંદર બાંકની;
ત્યાં જઇ અમે બેઠા હતા, સામે ઝુકી રહી માલતી ૪૨
નીરખી કળી ગુલાબની, સુંદર મનોહર એક મેં.
તેની પરીમલ સુંઘવા, શું ભ્રમર ગુંજારવ કરે. ૪૩
મેં હાથ દાબી સાથીનો, તે ચિત્ર તેને દાખવ્યું;
જો બાળ સ્નેહી માહરાં, કેવું ભ્રમરને છે ગમ્યું ૪૪
બોલ્યો મધુરા બોલથી, તે બાળ સ્નેહી માંહરો;
આ ચિત્ર દેખાડે મને, છે ઘાટ એ પણ તાહરો. ૪૫
સુંદર કળિ ગુલાબ અમ, તુજ દેહ લત્તા સુંદરી;
સદ્ગુણ ભ્રમર તારિ કને, આવ્યો અંહિ આશા ધરિ, ૪૬
વાતે વળેલા પ્રેમીઓને, છોડી દયો ને બાગમાં;
બાકિ રહેલી વારતાંહું, કહીશ બીજા ભાગમાં.
વાંચક વીશામો લ્યો તમે લ્યો આનો બીજો પાનથી,
“પણ સદ્ગુણા માલીક બીજી મતી રાજા તણિ અપૂર્ણ



સોંઘુ અને ઉત્તમ સ્વદેશી કાપડ મળવાનુ ફક્ત
એકજ ઠેકાણુ

અમારે ત્યાંથી શુદ્ધ ખાદી, હાથ વણાટનું કાપડ અને દેશી માલોનુ કાપડ-જેવુ કે સાડી, ધોતી, રૂમાલ, શર્ટીંગ મોજાં, સાબુ વગેરે કિફાયત ભાવથી મળશે. વેપારીઓને એકદમ કિફાયત. બહાર ગામના ઓરડરો ઉપર પુરતું ધ્યાન આપવામાં આવેછે.

આ ઉપરાંત અમારે ત્યાં સિલાઈખાતુ રાખવામાં આવ્યુ છે જેથી વખતસર કપડાં તૈયાર કરી આપવામાં આવશે.

લી.

શ્રી રામકૃષ્ણ ભારત ભંડાર

મેનેજર

કેશવલાલ ત્રીભોવનદાસ શાહ,